## ૧૬ વર્ષની કિશોરીનું અપહરણ કરીને સે. ૨૦નો યુવાન ફરાર

### સગીરાના પિતાની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી યુવાન શખ્સની શોધખોળ શરૂ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરનાં સેક્ટર-૨૦માં રહતો યુવાન શખ્સ સે. ૨૦માં રહેતી ૧૬ વર્ષની સગીરાને લલચાવી-ફોસલાવીને કુકર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો હોવાની ફરીયાદ સે. ૨૧ પોલીસમથકે સગીરાના પિતાએ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. સે. ૨૧ પોલીસે તે શખ્સ વિરૂદ્ધ અપહરણનો ગુનો દાખલ કરી તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરના સેક્ટર-૨૦ પુરોહીત વાસમાં રહેતો અને મુળ ઉત્તરપ્રદેશ વિસ્તારનો યુવાન શખ્સ રોશન ઉર્ફે કમલ હશન જીનલ મુસ્લીમ સેક્ટર-૨૦માં જ રહેતી એક ૧૬ વર્ષની કિશોરીને ઉપાડીને અપહરણ કરી ગયો હોવાની પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે. કિશોરીના પિતાએ આપેલી ફરીયાદ મુજબ રોશન નામનો શખ્સ તેમની સગીર વયની દિકરીને પોતાના વાલીપણાંથી લલચાવી ફોસલાવીને કુકર્મ કરવાના ઈરાદાથી ભગાડી ગયો છે. આ ફરીયાદને આધારે સેક્ટર-૨૧ પોલીસે કલમ-૩૬૩, ૩૬૬ મુજબ રોશન વિરૂદ્ધ ગુનો દાખલ કરીને તેને શોધી કાઢવા સેકન્ડ પી.આઈ. શેખે વધુ તપાસ આરંભી છે.

## ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ અને સ્કૂલ ઓફ એચિવર્સનું ધો. ૧૨ સાયન્સનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ધોરણ-૧૨ સાયન્સનું વાર્ષિક પરિણામ જાહેર થયું હતું. ગાંધીનગરની સ્કૂલ ઓફ એચિવર્સ અને ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ શાળાનું ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું હતું.

ગાંધીનગર શહેરના ટોપ મોસ્ટ એરિયા એવા ઈન્ફોસીટી ખાતે આવેલી ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ અને સ્કૂલ ઓફ એચિવર્સના પ્રિન્સિપાલ સાથે થયેલી વાત પ્રમાણે શાળાના ધો. ૧૨ સાયન્સના ૧૦૦ ટકા પરિણામ માટે શાળામાં નિયમિત શૈક્ષણિક કાર્ય, તજજ્ઞો દ્વારા જરૂરી માર્ગદર્શન, કસોટીઓ, મૂલ્યાંકન સાથે સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓને જરૂરી સહકાર જવાબદાર છે. શિક્ષકો દ્વારા વ્યક્તિગત માર્ગદર્શન અપાય છે અને વિકાસાત્મક મૂલ્યાંકન કસોટી દ્વારા નિરીક્ષણ-પરિક્ષણ કરી જરૂરી તૃતીઓ દૂર કરાય છે.

## જાહેર જનતાના હિત માટે મેગા સમર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની યુનિવર્સિલ સંસ્થા દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ માટે તા. ૨૧મી મે થી ૩૦મી મે સુધી ૧૦ દિવસીય મેગા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાએ દરેક ઉંમરના વ્યક્તિઓને ધ્યાનમાં રાખી તેમનામાં રહેલી આંતરિક અને બાહ્ય શક્તિનો વિકાસ થઈ શકે તે માટે સમર કેમ્પનું આયોજન ૨૧ થી ૩૦ મે દરમિયાન સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૮ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

સવારે ૭ થી ૧૦ કલાક દરમિયાન યોજાનાર સમર કેમ્પમાં દરેક ઉંમરના વ્યક્તિઓ ભાગ લઈ શકશે. કેમ્પમાં સેલ્ફ ડિફેન્સ, સ્કેટીંગ, ડાન્સ, યોગ, જીમ્નાસ્ટીક, ડ્રોઈંગ, એથ્લેટિક્સ, ટેલેન્ટ, ક્વીઝ, રીવર ક્રોસીંગ, રોપ રાઈડીંગ, ટારઝન સ્વીંગ, ગન સુટીંગ વગેરેની તાલીમ અપાશે. તાલીમના અંતે સંસ્થા દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે એમ કેમ્પસ ડાયરેક્ટર જીતીન જી. દવેએ જણાવ્યું છે.

## આજે સેનવા-રાવત સમાજનો ૧૨મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘના પ્રમુખ પૂનમભાઈ મકવાણાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે આજે ૨૦મી મે-૨૦૧૩ના રોજ સમાજના યુગલોનો બારમો સમૂહ લગ્નોત્સવ ટાઉનહોલ પાસે, હેલીપેડ મેદાન, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

સેનવા-રાવત સમાજના બારમા સમૂહ લગ્નોત્સવમાં સમાજના ૪૪ યુગલો આજે પ્રભુતામાં પગલા માંડશે. સવારે ૭.૩૦ કલાકે ગણેશ સ્થાપન, ગ્રહશાંતિ, સવારે ૮.૩૦ કલાકે જાન આગમન, લગ્નવિધિ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે, ભોજન સમારંભ ૧૧ થી ૧ અને સામાજિક વ્યવહાર ૧૨ થી ૧ કલાકે તથા બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન સમારોહના ઉદ્‌ઘાટક પૂર્વ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ભાજપ અને સાંસદ પુરુષોત્તમ રૂપાલા, સમારોહના અધ્યક્ષ નીતિનભાઈ પટેલ (નાણામંત્રી, ગુજરાત રાજ્ય) ખાસ હાજર રહેશે. સમારોહમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયના પૂજ્ય કૈલાસ દીદી, પૂ. મહંત પ્રકાશ બાપુ, પૂજ્ય મહંત ધનસુખનાથ બાપુ, પૂજ્ય જય માડી ખાસ હાજરી આપી નવ યુગલોને આશીર્વચન પાઠવશે.

### ઘ-૪ ગાર્ડનમાં બેસવા આવેલા સહેલાણીનું બાઈક ગાયબ

ગાંધીનગર, તા. ૧૯

ઉનાળો જામ્યો છે ત્યારે દિવસભર ગરમીથી તોબા પોકારી ઉઠતા શહેરીજનો રાત્રે ઠંડકને માણવા ઘ-૪ ગાર્ડનમાં આવતા હોય છે. સેક્ટર-૨૧ના બ્લોક નં. ૫૯૮/૧૧ છ-ટાઈપમાં રહેતા હિતેન્દ્રસિંહ પોપટસિંહ ચાવડા ગ-૪ ગાર્ડનમાં ૧૩મી મે એ રાત્રે ૧૦ વાગ્યે ટહેલવા આવ્યા હતા. દોઢ કલાક બેસીને પરત ફરવા માટે પાર્કીંગ પાસે ગયા તો ત્યાંથી બાઈક જ ગાયબ હતુ. તેમનું પીળા કલરનું પેશન બાઈક નં. જીજે-૨-એએ-૦૧૯૮ કોઈ શખ્સ ઉપાડી ગયો હતો. હિતેન્દ્રસિંહની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે બાઈકચોરીનો ગુનો દાખલ કરી તપાસનો દૌર શરૂ કર્યો છે.

## સદ્‌ભાવના ફોરમ દ્વારા સદ્‌ભાવના પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૯

સદ્‌ભાવના ફોરમ દ્વારા ભાવનગર જિલ્લાના મહુવા કૈલાસ ગુરૂકુલ ખાતે તા. ૭, ૮, ૯મી જૂન, ૧૩ના રોજ સદ્‌ભાવના અને નાગરિક સમાજનો કાર્યક્રમ યોજાશે.

પ્રથમ બેઠક ૭મીએ સવારે ૯ થી ૧૨ યોજાશે. જેમાં તુલા સંજય કાર્યક્રમની ભૂમિકા બાંધશે તથા માર્ટીન મેકવાન નગીનદાસ સંઘવીનું નાગરિક સમાજનું સર્જન અને પડકારો પર વક્તવ્ય યોજાશે. બીજી બેઠક બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે. જેમાં ગણેશ દેવી અને યુ. જી. બ્રહ્માનું આપણા આદિવાસી અને નાગરિક સંવેદનાનો વિસ્તાર તથા આપણું આસામ અને નાગરિક સંવેદનાનો વિસ્તાર ઉપર વક્તવ્ય યોજાશે. ત્રીજી બેઠકમાં અરવિંદ બારોટ લોકગાયકના કંઠે લોકસંસ્કૃતિનાં ગીતોનો કાર્યક્રમ યોજાશે. બીજા દિવસે ૮મીએ રાજેન્દ્રસિંહનું નાગરિક સમાજ અને લોક આંદોલન તથા વર્ષા અડાલજાનું કુટુંબ અને સમાજમાં નાગરિક ઘડતર, રતિલાલ બોરિસાગરનું ભાવિ કાર્યક્રમોનું સ્વરૂપ અને આયોજન વિશે વક્તવ્ય યોજાશે તથા ઈન્સાન હૈ હમ વિનય ચારુલ કાર્યક્રમ રજૂ કરશે. ત્રીજા દિવસે અંતિમ બેઠકમાં અનિલ ગુપ્તાનું નાગરિક સમાજનું દર્શન પર વક્તવ્ય યોજાશે તથા સદ્‌ભાવના ઓર્ડર-૨૦૧૩ અર્પણ સમારંભ જગદીશ શાહ અને વિનય ચારુલ દ્વારા યોજાશે. સમાપન વ્યાખ્યાન શ્રદ્ધેય મોરારિબાપુના સાનિધ્યમાં સંપન્ન થશે.

# મહિલાઓ પર અત્યાચારનું પ્રમાણ વધ્યું : વધુ બે ગુના

### સાસરીયાઓએ માર મારીને ઈન્દ્રોડાની પરિણિતાનો ખભ્ભો તોડી નાંખ્યો

### બોરીજમાં પતિના બીજી સ્ત્રી સાથેના સંબંધને કારણે પત્નિ સાથે મારઝૂડ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ પર થતા અત્યાચારના બનાવો વધવા લાગ્યા છે એક અઠવાડીયામાં ગાંધીનગરમાં પરિણિતા સાથે દહેજની માંગણી કરીને મારઝૂડ તથા ગાળાગાળી કરીને શારીરિક માનસિક ત્રાસ આપ્યાની સાત પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે. આજે પણ બે મહિલાઓએ સાસરીયાઓ દ્વારા ત્રાસ અપાતો હોવાની ફરીયાદ પોલીસ મથકે નોંધાવી છે. સેક્ટર-૭ પોલીસે બન્ને મહિલાઓની ફરીયાદ લઈને શૂન્ય નંબરથી સેક્ટર-૨૧ અને તલોદ પોલીસ મથકે મોકલી આપી છે.

સાબરકાંઠાનાં તલોદ ખાતે આવેલા અંબિકાનગર વિસ્તારમાં પરણેલી અને ગાંધીનગર નજીકના ઈન્દ્રોડા ગામની પરિણિતા સવિતાબેન બાબુજી વણઝારાએ આપેલ પોલીસ ફરીયાદ મુજબ તેણીના પતિ બાબુજી મોતીજી વણઝારા તથા સાસરા મોતીજી આખુજી વણઝારા, ડાહ્યીબેન મોતીજી વણઝારા, ઝુમાબેન મોતીજી વણઝારા, વિનોદજી મોતીજી વણઝારા અને ભગવાનદાસ મોતીજી વણઝારાએ મળીને સવિતાબેનને છેલ્લા પાંચ વર્ષથી શારીરિક - માનસિક ત્રાસ આપી રહ્યા છે અને તાજેતરમાં સાસરીયાઓએ માર મારીને ખભ્ભે ફ્રેક્ચર કરી નાંખ્યું છે. સવિતાબેનના ઈન્દ્રોડા ખાતે રહેતા પિતા તેણીના ઈજાગ્રસ્ત હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા અને દાખલ કરાઈ છે. તો બીજા કિસ્સામાં બોરીજ ગામમાં રહેતા દશરથ જેઠાભાઈ પ્રજાપતિને બીજી સ્ત્રી સાથે આડા સંબંધ હોવાથી છેલ્લા ૭ વર્ષથી તેની પત્નિ માયાબેન પ્રજાપતિની સાથે મારઝૂડ કરી અવાર-નવાર શારીરિક - માનસિક ત્રાસ આપતા હોવાની ફરીયાદ મહિલાએ પોલીસ મથકે નોંધાવી છે. સેક્ટર-૭ પોલીસે બન્ને પિડિતાઓની ફરીયાદ લઈને શૂન્ય નંબરથી સંબંધિત પોલીસ સ્ટેશને મોકલી આપી છે.



## ઈર્ષા, લોભ, રાગ-દ્વેષ અને મોહ શરીરમાંથી નિકળે તો જ સંતોષ મળે : આચાર્ય અરુણોદય સાગરસૂરી મહારાજ

ગાંધીનગર, તા. ૧૯

મનુષ્ય અવતારમાં વ્યક્તિને જે સુખની ઈચ્છા થાય છે ત્યારથી વ્યક્તિને દુઃખ અને પીડાની શરૂઆત થાય છે. તેમ રાષ્ટ્ર સંત આચાર્ય દેવ પદ્મ સાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂજ્ય આચાર્ય અરુણોદય સાગરસૂરી મહારાજે આજે સેક્ટર-૩/ડી જીનાલયના દશાબ્દી મહોત્સવમાં વ્યાખ્યાનમાં જણાવ્યું હતું.

શ્રી આદિશ્વર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સેક્ટર-૩/ડી જિનાલયની દશાબ્દી વર્ષની ઉજવણી પ્રસંગના છેલ્લા દિવસે શ્રી અરુણોદય સાગરસૂરી મહારાજ સાહેબનું પ્રવચન યોજાયું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે મનુષ્યભવ હિંસા માટે નથી, ધર્મ સદ્‌બુદ્ધિ આપે છે અને દુર્ગુણો નાશ પામે છે. મનુષ્ય જીવન કિંમતી છે. દરેક વ્યક્તિમાં ભાવ ઉત્પન્ન થવો જોઈએ. સમર્પણ ભાવથી વિશ્વાસ પેદા થાય છે. સમાજને શોષણમુક્ત, મોંઘવારીયુક્ત બનાવવા માટે ભાવમુક્ત બનવું જરૂરી છે. ભારત દેશ મહાન છે, કારણ કે ભારત દેશમાં સંસ્કાર, સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન છે. દરેક વ્યક્તિમાં સંતોષ મહત્ત્વનો છે. અત્યારના મનુષ્યને સંતોષ નથી. ઈર્ષા, લોભ, દ્વેષ-રાગ, મોહને શરીરમાંથી કાઢવા પડે તો મનુષ્ય જીવને સંતોષ મળે. સંતોષ મેળવવા માટે ઉપાસના અને સાધના જરૂરી છે. દેહના ભરોસે જીવવા જેવું નથી. પોતાના આત્માને શ્રદ્ધાવાન અને બલવાન બનાવો. ભક્તિના સુખમાં જ આત્માનું સુખ રહેલું છે તેમ પોતાના પ્રવચનમાં મુનિશ્રીએ જણાવી ભક્તિમય વાતાવરણ અને ધાર્મિક વિચારોનું ભક્તજનોમાં સિંચન કર્યું હતું.

# નદીની કોતરમાંથી રહસ્યમય હાલતમાં મહિલાનો મૃતદેહ મળ્યો

### રાયસણથી હાથીજણ વચ્ચે નદીની કોતરમાં ભરબપોરે સરપંચે મૃતદેહ જોયો : વિધવા મહિલાની હત્યાની આશંકા : પોસ્ટમોર્ટમ બાદ મૃત્યુનું કારણ બહાર આવશ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક રાયસરણથી હાથીજણ વચ્ચે પી.ડી.પી.યુ. પાછળ નદીની કોતરમાંથી રહસ્યમય સંજોગોમાં એક વિધવા મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. ભરબપોરે સરપંચે કોતરમાં મૃતદેહ દેખીને અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. મહિલાની લાશ ત્યાં કેવી રીતે પહોંચી તે બાબત પણ હજુ રહસ્યમય છે. હત્યા છે કે આકસ્મિક કોઈ કારણોથી મૃત્યુ થયું છે તે બાબત પોસ્ટમોર્ટમ બાદ બહાર આવશે. અડાલજ પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃત્યુનું કારણ પોસ્ટમોર્ટમમાંથી આવે તેના પર આધાર રાખ્યો છે.

ગામના સરપંચ બેચરજી ઠાકોર હાથીજણ-રાયસણ વચ્ચે નદીની કોતર પાસેથી બપોરે ત્રણ વાગ્યે પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મહિલાની લાશ જોઈ ચોંકી ઉઠ્યા હતા. કોતરમાં પડેલી લાશ સંદર્ભે અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લેવામાં આવી હતી. અડાલજ પોલીસે મૃતદેહની તપાસ કરતાં વિધવા મહિલા ૪૫ વર્ષીય મધીબેન કાનાજી ઠાકોર હોવાનું બહાર આવ્યું હતું. તેમને સંતાનમાં એક દિકરી છે. મધીબેનનો મૃતદેહ ત્યાં કેવી રીતે પહોંચ્યો અને કયા કારણથી મૃત્યુ થયું તે પણ હજુ રહસ્યમય છે. મહિલાની હત્યા થઈ કે અન્ય કોઈ કારણથી મૃત્યુ થયું તે હજુ પોસ્ટમોર્ટમના રિપોર્ટ બાદ બહાર આવશે. અડાલજ પોલીસમથકના પી.એસ.આઈ. રાઠવાએ અકસ્માત મોતનો ગુનો નોંધીને સઘન તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે મૃતદેહ બપોરે સાડા ત્રણ વાગ્યાનો ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમની બહાર પી.એમ. માટે લાવીને મુકવામાં આવ્યો હતો. પરંતુ ચાર-ચાર કલાક બાદ પણ ડોક્ટરો ત્યાં આવ્યા ન હતા.

### ઈસનપુરમાં બંધ મકાનમાંથી રૂ. ૧.૪૩ લાખની ઘરફોડ ચોરી

અમદાવાદ, તા. ૧૯

શહેરમાં દિવસે-દિવસે તસ્કરોનો ત્રાસ વધી રહ્યો છે. શહેરનાં ઈસનપુર વિસ્તારમાં આવેલા બંધ મકાનમાંથી તસ્કરોએ ઘરવખરીના સામાનની ચોરી કરી નાસી છૂટતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટીભરી ગઈ હતી. તસ્કરોએ ડુપ્લીકેટ ચાવીથી મકાનમાં પ્રવેશી ઘરમાં રહેલી ઘરવખરી ઉઠાવી ગયા હતા.

શહેરના ઈસનપુર વિસ્તારમાં આવેલા દેવક્રિસ્ટલ એપાર્ટમેન્ટના બ્લોક સી/૩૦૨માં રવિ ભીખાજી પ્રજાપતિ (ઉ.૩૦) પોતાના પરિવાર સાથે રહે છે. છેલ્લા ત્રણ દિવસથી રવિની પત્ની રાજસ્થાન ગઈ હતી અને રવિ પોતાના બીજા મકાન ખાતે રહેવા ગયો હતો.

દરમિયાનમાં કોઈ અજાણ્યા શખ્સોએ ડુપ્લીકેટ ચાવીથી રવિના મકાનમાં પ્રવેશી ઘરમાં રહેલું એલઈડી ટીવી, ઘરઘંટી, એસી, આરઓ પ્લાન્ટ તેમજ મંદિરમા રહેલા છત્તર મળી કુલ રૂ. ૧.૪૩ લાખની મતાની ચોરી કરીનાસી છૂટયા હતા. ગઈકાલે સવારે રવીભાઈએ ઘરે આવી જોતા ઘરનો સામાન ગાયબ હતો.

# દહેગામ રોડ પર વાહનની અડફેટે અજાણ્યા યુવાનનું મોત

### રાયપુર પાસે જય રણછોડ ફાર્મની સામે બનેલી ઘટના : વાહન લઈને ચાલક ફરાર

ગાંધીનગર, તા.૧૯

દહેગામ - નરોડા રોડ પર આવેલા રાયપુર ગામની સીમમાં સ્થિત જય રણછોડ ફાર્મની સામેના રોડ પરથી આજે વહેલી સવારે અકસ્માતમાં મોતને ભેટેલા અજાણ્યા યુવાનની લાશ મળતા ચકચાર મચી છે. વહેલી સવારે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી દીધા બાદ ત્યાંથી વાહન સાથે ફરાર થઈ ગયો હતો. આ હિટ એન્ડ રન કેસ સંદર્ભે ડભોડા પોલીસે ગુનો નોંધીને આરોપી વાહન ચાલકની શોધખોળ શરૂ કરી છે.

ગાંધીનગર નજીકના દહેગામ - નરોડા રોજ પર રાયપુર ગામની સીમમાંથી વહેલી સવારે પસાર થઈ રહેલા આશરે ૩૦ થી ૩૫ વર્ષની વયનો યુવાન રસ્તો ઓળંગી રહ્યો હતો તે દરમિયાન બેફામ ગતિએ રોડ પરથી નીકળેલા અજાણ્યા વાહને તે યુવાનને અડફેટે લઈ લીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવાનને ઈજાઓ થઈ છે કે કેમ ? તે જાણવાની પણ તસ્દી લીધા વિના વાહનચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ ઘવાયેલા અજાણ્યા યુવાનનું સ્થળ પર જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. ડભોડા પોલીસને રાયપુર રાતે રહેતા કાળુસિંહ ડાભીએ જાણ કરતાં અજાણ્યા યુવાનનો મૃતદેહ પી.એમ. કરાવી તેના વાલીવારસ શોધવા તથા અજાણ્યા આરોપી વાહન ચાલક શોધી કાઢવા પી.એસ.આઈ. વી. બી. પરમારે તપાસ ચલાવી છે.

### ૪૪ કિલો કાર્બાઈડ અને ૭૦૦ કિલો કેરી જપ્ત કરી

અમદાવાદ, તા. ૧૯

અમદાવાદ આરોગ્ય વિભાગે શહેરના નરોડા પાટિયા વિસ્તારમાં આવેલા ફ્રુટ સેન્ટર પર દરોડો પાડીને ૪૪ કિલો કાર્બાઈડ પદાર્થ તેમજ ૭૦૦ કિલો બિનઆરોગ્યપ્રદ કેરીનો જથ્થો કબજે કર્યો હતો. આરોગ્ય વિભાગે છેલ્લા ત્રણ દિવસથી કેરીના વેપારીઓ પર તવાઈ બોલાવવાનું શરૂ કર્યું છે. ગ્રાહકોને કાર્બાઈડથી પકવેલી કેરીઓનું વેચાણ કરી તેમના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતાં વેપારીઓને ત્યાં દરોડા પાડી બિન આરોગ્ય પ્રદ કેરીનો નાશ કરાય છે.

આરોગ્ય વિભાગે ગઈકાલે નરોડા પાટીયા પાસે આવેલા વિક્રમ ફ્રુટ સેન્ટરમાં દરોડો પાડ્યો હતો. દરોડો પાડતાં આરોગ્ય વિભાગને ફ્રુટ સેન્ટરમાંથી બિન આરોગ્યપ્રદ ૭૦૦ કિલો જેટલી કેરીઓ પણ કબજે કરી હતી. આરોગ્ય વિભાગે ત્રણ દિવસથી નરોડા વિસ્તાર, ઈસનપુર તેમજ મણિનગર જેવા વિસ્તારોમાં દરોડા પાડીને ૨૨,૭૦૦ કિલો જેટલી કેરીનો પણ નાશ કર્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા આગળ પણ કાર્બાઈડથી પકવેલી કેરીઓ વેચનારા વેપારીઓ સાથે કાર્યવાહી કરવામાં આવશે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

### તાપમાન

મહત્તમ : ૪૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૨ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
ઈપીઆઈસી (૩ડી)(હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૦૦
ધ રિલેકટન્સ ફંડામેન્ટલીસ્ટ (હિન્દી) : ૧૧.૦૦, ૩.૩૦, ૧૦.૩૦
આઈરોન મેન (૩ડી)(હિન્દી) : ૮.૦૦

: સ્ક્રીન-૨ :
ગો ગોઆ ગોને : ૧૦.૦૦, ૮.૧૫
આશિકી-૨ : ૧૨.૧૫, ૨.૪૫, ૧.૩૦
શૂટ આઉટ એટ વડાલા : ૫.૧૫

: સ્ક્રીન-૩ :
ઔરંગજેબ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ઔરંગજેબ : ૯.૦૦, ૧૨.૦૦, ૯.૦૦
ગો ગોઆ ગોને : ૩.૦૦
આશિકી-૨ : ૬.૦૦

**સૂર્યા, વાવોલ**

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ઔરંગજેબ: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
આશિકી-૨ : ૧૦.૩૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઔરંગજેબ : ૩.૩૦

: સ્ક્રીન-૩ :
શૂટ આઉટ વડાલા : ૧૦.૧૫, ૪.૦૦, ૧૦.૦૦
ગો ગોઆ ગોને : ૧.૧૫, ૭.૦૦

**ચિરાગ, કલોલ**

ઔરંગજેબ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : સહયોગ અને સારા સંબંધોને કારણએ લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

**વૃષભ** : વેપાર સારો ચાલશે. દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થઈ શકે છે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

**મિથુન** : આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**કર્ક** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મેળવવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધન કાર્ય પૂર્ણ થશે. યાત્રાનો વિશેષ યોગ. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. અનુકૂળ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિતતા આવશ્યક છે.

**મીન** : મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબનું વાતારવણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા જસવંતસિંહ જીવણજી (ઉ.વ. ૫૦) મુ.પો. લેકાવાડા, તા.જી.ગાંધીનગર.
- સ્વ. સવિતાબેન ધનજીભાઈ પરમાર (ઉ.વ. ૬૩) પ્લોટ નં. ૨૫૮/૧, સે-૩બી, ગાંધીનગર.
- સ્વ. મનસુખભાઈ મગનભાઈ સોલંકી (ઉ.વ. ૪૦) ઈન્દિરાનગર, સે-૨૪, બ્લોક નં. ૩૫૩, ગાંધીનગર.
- સ્વ. પરમાર જવાનજી મફતાજી (ઉ.વ. ૮૦) મુ.પો. મહુન્દ્રા, તા.જી.ગાંધીનગર.
- સ્વ. ક્રિષ્નાબેન હરેશકુમાર વાઘેલા (ઉ.વ. ૪૧) પ્લોટ નં. ૨૦૬/૨, સે-૧૪, ગાંધીનગર.
- સ્વ. કાન્તાબેન જેસંગલાલ ધારાણી (ઉ.વ. ૫૫) પ્લોટ નં. ૨૫૫/૧, સે-૨બી, ગાંધીનગર.